# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૦/૦૩/૨૦૨૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૪૨૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૧૭૩ લીટર દેશી દારૂ, ૩૧૮૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪,૩૩૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૧૬ બિયર ટીન, ૨ સ્કુટર, ૧ કાર અને ૧ કન્ટેનર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૪૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૪૨૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૪૩૦/૨૦૨૫**

**નારોલઃ** હરનેશ સ/ઓ નરેશચંદ્ર મહેતા (ઉ.વ.૫૪) (રહે. પુનિતનગર વિભાગ–૩ ઉમિયા વિજય સોસાયટી પાસે સેટેલાઇટ) એ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૧/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળામાં દરમ્યાન નારોલ સુદામા એસ્ટેટ ગોડાઉન નંબર ૨૧૬ ખાતેના દિપ કેમીકલ કંપનીમાંથી આ રાનીંગા પેપર મિલ પ્રા.લી ના માલીક (૧) ચન્દ્રેશ લલીતભાઈ સોની (૨) લલીતભાઈ કાનજીભાઈ સોની અને (૩) જય લલીતભાઈ સોની (તમામ રહે. આર્યવ્રત સ્કાઈ, આઝાદ સોસયટી રોડ નહેરૂનગર સેટેલાઈટ) એ ભેગા મળી પરચેઝ ઓર્ડર આપતા ઓર્ડર પ્રમાણે કેમીકલ કિમત રૂપિયા ૧,૫૧,૯૯,૨૨૦/– મોકલી આપેલ જેનું પેમેન્ટ આજદિન સુધી નહી ચુકવેલ તેમજ લેટ પેમેન્ટના રૂપિયા ૩૪,૯૭,૭૦૮/– મળી કુલ રૂપિયા ૧,૮૬,૯૬,૯૨૮/– તથા આનંદભાઇ ચૌધરીની શૌર્ય માર્કેટીંગના રૂપિયા ૧,૭૪,૩૪,૦૫૫/– તથા સુમન માર્કેટીંગના રૂપિયા ૧૦,૨૧,૪૭૫/– તથા સમીર ગોસાલીયાની શુભમ કોર્પોરેશનના રૂપિયા ૩૩,૮૧,૨૪૪/– મળી કુલ રૂપિયા ૪,૦૫,૩૩,૭૦૨/– નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. તેમજ આ સિવાય બીજા અન્ય વેપારીઓ સાથે પણ છેતરપીંડી વિશ્વાસઘાત કરેલ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.સી.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૪૩૧/૨૦૨૫**

**અમરાઇવાડીઃ** રેખાબહેન વા/ઓ જીતેન્દ્રભાઇ રાય (ઉ.વ.૪૪) (રહે. શ્રીરામ રો–હાઉસ મેટ્રો પિલ્લર નંબર–૬૯ સામે રબારી કોલોની અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૫ સવારના ૯/૧૫ થી ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઠક્કરનગર એલ.આઇ.સી.ઓફીસથી પોતાના રહેણાંક સુધીની શટલ ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ રેખાબહેનની નજર ચુકવી ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી વિનોદસિંહ ઇન્દ્રમણીસિંહ ચલાવે છે.

**વાહન ચોરીઃ–** **સમાચાર યાદી નં.૪૩૨/૨૦૨૫**

**નારોલઃ** ચિરાગ સંજયકુમાર નેરપગાર (ઉ.વ.૨૯) (રહે.શ્રી હરી રેસિડેન્સી કર્ણાવતી–૦૨ સામે નારોલ) એ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૩/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ થી તા.૨૭/૦૩/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક નજીક ખુલ્લા મેદાનમાં પાર્ક કરેલ પોતાની ઇનોવા ક્રીસ્ટા કાર નંબર જીજે ૨૭ ઈબી ૭૫૧૬ કિમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૪૩૩/૨૦૨૫**

**એલીસબ્રીજઃ** રેખાબહેન રાહુલભાઇ (ઉ.વ.૪૭) (રહે. ઠાકોરવાસ ભુદરપુરા આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૩/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની સીડીના વચ્ચેના ભાગે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી